વસ્તી ગણતરી-૨૦૧૧ ના આધારે સ્થાનિક
વળતર ભથ્થુ/ઘરભાડા ભથ્થુ ચુકવવા
સંદર્ભમાં નામ. હાઇકોર્ટના ચુકાદા મુજબ
કાર્યવાહી હાથ ધરવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
પરિપત્ર ક્રમાંક : વલભ-૧૦૨૦૧૬-ઓ-૯૬-ચ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : [illegible]

## // પરિપત્ર //

રાજ્ય સરકારના કર્મચારીઓને સ્થાનિક વળતર ભથ્થુ/ઘરભાડા ભથ્થુ ચુકવવા માટે, વસ્તી ગણતરી ૨૦૦૧ ના આધારે નાણા વિભાગના તા. ૧૬/૫/૨૦૦૮ ના ઠરાવથી શહેરો/શહેરી જૂથો નું વર્ગીકરણ કરવામાં આવેલ છે. છઠ્ઠા પગાર પંચનો અમલ તા. ૧/૧/૨૦૦૬ થી કરવામાં આવતાં, નાણા વિભાગના તા. ૨૭/૨/૨૦૦૯ ના ઠરાવથી, ઘરભાડા ભથ્થા/સ્થાનિક વળતર ભથ્થાના દરમાં તેમજ શહેરોના વર્ગીકરણમાં સુધારો કરવામાં આવેલ હતો.

વસ્તી ગણતરી ૨૦૦૧ ના આધારે, નાણા વિભાગના તા. ૧૬/૫/૨૦૦૮ ના ઠરાવથી વર્ગીકરણ કરવામાં આવેલ શહેરો/શહેરી જૂથોમાં, વસ્તી ગણતરી ૨૦૧૧ ના આધારે સમાવેશ થયેલ શહેરો/શહેરી જૂથો ખાતે ફરજ બજાવતા શૈક્ષણિક સંસ્થાના કર્મચારીઓ/શિક્ષકો તથા અમુક કચેરીઓના કર્મચારીઓ દ્વારા, નાણા વિભાગના તા. ૨૭/૨/૨૦૦૯ ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ દર મુજબ ઘરભાડા ભથ્થુ/સ્થાનિક વળતર ભથ્થુ ચુકવવા સંબંધમાં નામ. હાઇકોર્ટ ખાતે દાદ માંગવામાં આવેલ હતી.

એસ.સી.એ. નં. ૪૨૭૨/૨૦૧૬, ૫૪૭૫/૨૦૧૬,૨૧૪૬/૨૦૧૬, ૫૯૭૮/૨૦૧૬ તથા અન્ય પીટીશનો સંદર્ભમાં નામ. હાઇકોર્ટના તા. ૫/૭/૨૦૧૬ ના CAV COMMON JUDGMENT ના પારા -૩૬ થી અધિકારીઓની વિગત સુચવીને રાજ્ય સરકારને એક સમિતિની રચના કરવા જણાવવામાં આવેલ હતું. તદઅનુસાર નાણા વિભાગના તા. ૩૦/૭/૨૦૧૬ ના ઠરાવથી મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવેલ હતી.

નામ. હાઇકોર્ટના તા. ૫/૭/૨૦૧૬ ના ચુકાદાના પારા-૩૭ થી પ્રસ્તુત બાબત સંદર્ભમાં કુલ ૬ પ્રતિનિધીઓના નામ જણાવવામાં આવેલ હતા. આ પ્રતિનિધીઓ દ્વારા સંયુક્ત રીતે લેખીત રજુઆત કરવામાં આવેલ હતી. માન. મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં રચાયેલ સમિતિ દ્વારા પીટીશનરોને સાંભળીને તેમની માંગણીનો અસ્વિકાર કરવાની ભલામણ કરવામાં આવેલ હતી.

Scanned by CamScanner

નામ. હાઇકોર્ટના તા. ૫/૭/૨૦૧૬ ના ચુકાદા અનુસંધાનમાં સમિતિ દ્વારા કરવામાં આવેલ ભલામણનો સરકારશ્રી દ્વારા સ્વિકાર કરવામાં આવેલ છે.

મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને રચાયેલ સમિતિ દ્વારા કરવામાં આવેલ ભલામણોનો સરકારશ્રી દ્વારા સ્વિકાર કરવામાં આવતાં, નાણા વિભાગના તા. ૮/૩/૨૦૧૮ ના પત્રથી તમામ પ્રતિનિધીઓને સરકારના નિર્ણયની જાણ કરવામાં આવેલ છે. સાથોસાથ સમિતિ દ્વારા કરવામાં આવેલ ભલામણોની પણ જાણ કરવામાં આવેલ છે.

નામ. હાઇકોર્ટના એસ.સી.એ. નં. ૪૨૭૨/૨૦૧૬ તથા અન્ય પીટીશનો પરત્વેના તા. ૫/૭/૨૦૧૬ ના ચુકાદાના પારા-૨૧ થી પીટીશનરોના કિસ્સામાં નીચે મુજબની વચગાળાની રાહત મંજુર કરવામાં આવેલ હતી.

21 This Court, vide order dated 29 October 2007, issued Rule, and also passed an interim order to the effect that the respondents shall pay the H.R.A. and C.L.A. according to the State Government, Finance Departmentis Resolution of 2009 (accepting the norms of the Sixth Pay Commission with effect from 1 April 2009) on the condition that the petitioners shall file undertaking to the effect that in the event if they are not successful in the petitions, then they shall refund the amount of 50% H.R.A. as well as C.L.A. with interest at the rate of 9% per annum.

નામ. હાઇકોર્ટના તા. ૫/૭/૨૦૧૬ ના ચુકાદાના પારા- ૩૮ (૫) તથા (૬) થી નીચે મુજબ નિર્દેશ કરવામાં આવેલ હતો.

38(V) The ad-interim relief, which is operating in favour of each of the writ applicants, shall continue till an appropriate decision is taken by the committee, and the report is filed before the State Government. The ad-interim relief shall also continue thereafter i.e. after the report of the committee for a further period of two months.

38(VI) The undertakings given earlier by the writ applicants shall continue to operate till the decision is taken by the committee.

પ્રસ્તુત કેસમાં ઉપર જણાવેલ વિગતો જોતાં, નાણા વિભાગના તા. ૮/૩/૨૦૧૮ ના પત્રથી સર્વે પ્રતિનિધીઓને સરકારશ્રીના નિર્ણયની જાણ કરવામાં આવેલ છે સાથોસાથ સમિતિ દ્વારા કરવામાં આવેલ ભલામણો પણ મોકલવામાં આવેલ છે. નામ. હાઇકોર્ટના તા. ૫/૭/૨૦૧૬ ના ચુકાદાના પારા ૩૮(૫) થી જણાવ્યા મુજબ, સરકારશ્રીના નિર્ણય બાદ બે માસ સુધી આપવામાં આવેલ વચગાળાની રાહત ચાલુ રહે છે. પ્રસ્તુત કેસમાં પીટીશનરોની માંગણીનો અસ્વિકાર કરવાનો સરકારશ્રી દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે અને સરકારશ્રીના સદરહુ નિર્ણયની જાણ નાણા વિભાગના તા. ૮/૩/૨૦૧૮ ના પત્રથી સર્વે પ્રતિનિધિઓને કરવામાં આવેલ છે. વચગાળાની રાહત તા. ૮/૩/૨૦૧૮ થી બે માસ સુધી અમલમાં રહે છે.

Scanned by CamScanner

નામ. હાઇકોર્ટના તા. ૫/૭/૨૦૧૬ ના ચુકાદા સાથે સંકળાયેલ તમામ પીટીશનરો તથા સદરહુ ચુકાદા બાદ પણ જુદી જુદી પીટીશનો દ્વારા પણ પીટીશનરોના કિસ્સામાં નામ. હાઇકોર્ટ દ્વારા સમાન પ્રકારની ઉપર જણાવ્યા અનુસારની વચગાળાની રાહત મંજુર કરવામાં આવેલી છે. આ તમામ કિસ્સામાં નામ. હાઇકોર્ટની વચગાળાની રાહત તા. ૮/૫/૨૦૧૮ થી બંધ કરવાની રહે છે તથા તમામ પીટીશનરોના કિસ્સામાં નામ. હાઇકોર્ટના તા. ૫/૭/૨૦૧૬ ના ચુકાદાના પારા ૨૧ થી મંજુર કરવામાં આવેલ વચગાળાની રાહત સંદર્ભમાં જરૂરી કાર્યવાહી હાથ ધરી, વચગાળાની રાહત પરત્વે ચુકવાયેલ એચ.આર.એ./સી.એલ.એ. ની રકમની વસુલાત કરવાની રહે છે.

પ્રસ્તુત કોર્ટકેસમાં મહદ અંશે શિક્ષણ વિભાગ હેઠળના કર્મચારીઓ/શિક્ષકો સંકળાયેલ છે તથા રાજ્યની અન્ય જુદી જુદી કચેરીના કર્મચારીઓ પણ સંકળાયેલ છે. આ જોતાં, નામ. હાઇકોર્ટના ચુકાદાથી મંજુર કરવામાં આવેલ વચગાળાની રાહતની સમયમર્યાદા આગામી તા. ૮/૫/૨૦૧૮ થી પૂર્ણ થતી હોવાથી, સંકળાયેલ તમામ પીટીશનરોના કિસ્સામાં વસુલાતની કાર્યવાહી હાથ ધરવાની રહે છે.

આથી સચિવાલયના સર્વે વિભાગોને તેઓની ક્ષેત્રિય કચેરી હેઠળના કોઇ પીટીશનરના કિસ્સામાં જો આ પ્રકારની વચગાળાની રાહત મુજબ એચ.આર.એ./સી.એલ.એ. ચુકવવામાં આવી રહ્યુ હોય તો તે તા. ૮/૫/૨૦૧૮ થી બંધ કરવા તથા નામ. હાઇકોર્ટના ચુકાદાથી જણાવ્યા મુજબની વસુલાત કરવાની કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.

માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

Scanned by CamScanner